# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા-૦૨/૨૦-૨૧/૫૧ તા. ૨૧/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૪/ક્વા-૨/૨૦-૨૧**

અરજદાર: શ્રી ચુડાસમા નવરંગભાઈ નાથાલાલ ગામ: ખોરસા ગીર

સબડીવીઝન: ચોરવાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: ફોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: શનિવાર (૦૫.૦૯.૨૦૨૦)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, નવરંગભાઈ નાથાલાલ ચુડાસમા પોતે ખોરાસા ગિર ના ખેડૂત ખાતેદાર હોય તેઓનું જોડાણ માર્ચ ૨૦૨૦ માં મંજુર થયેલ હોય એટલે લાઇન ઉભી કરવા માટે કોન્ટ્રકટરો એ ખૂબ જ બેદરકારી દાખવેલ હોય સદર લાઈન વ્યવસ્થિત કરવા માટે તા.૧૫-૦૬-૨૦૨૦ થી પેટા વિભાગીય કચેરીને અરજી આપવામાં આવેલ છે પરંતુ હજી સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી જેથી અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ની લેખીત રજૂઆત મુજબ શ્રી નવરંગભાઈ નાથાલાલ ચુડાસમા મુ.ખોરાસા ગીર ના નામ થી લેખીત માં અરજી કરેલ છે.તેઓશ્રી ખેતીવાડી ૭.૫ એચ.પી. વીજ જોડાણ ધરાવે છે.

૨.૧ સદર અરજદારશ્રી દ્વારા તેમનાં ખેતીવાડી વીજ જોડાણ અંગેની વીજ લાઇન વ્યવસ્થિત કરવા બાબત અને બિલિંગ શરૂ થવા બાબત ની રજૂઆત કરવામાં આવેલ છે.ગ્રાહકશ્રી ની રજૂઆતના આધારે અત્રેની ચોરવાડ પેટા વિભાગીય કચેરી કક્ષાએથી તા.૨૯.૦૮.૨૦૨૦ ના રોજ સ્થળ પર રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી.સદરહુ મુલાકાત દરમ્યાન ગ્રાહકશ્રી નવરંગભાઈ નાથાલાલ ચુડાસમા પોતે હાજર રહેલ અને તેમની હાજરીમાં તેના દ્વારા કરવામાં આવેલ રજૂઆતના અનુસંધાને જરૂરી વીજ લાઈનની જરૂરી સમારકામ ની કામગીરી પુર્ણ કરી આપેલ છે.તેમજ સદરહુ વીજ જોડાણ અંગેનું વીજ બીલ આ વીજ ગ્રાહક નંબર ૮૦૭૩૭/૦૨૭૧૭/૭ થી ચાલુ કરવામાં આવેલ છે. વધુમાં ગ્રાહકશ્રી તેમની ફરીયાદ/રજૂઆત અન્વયે સંતોષ થયેલ છે. જેથી કોઈ જ ફરિયાદ રહેતી નથી.

૨.૨ પીજીવીસીએલ કંપની ની રજૂઆત મુજબ  અરજદારશ્રીની ફરીયાદ અન્વયે  સદર અરજદારશ્રી નાં તકરાર વાળા સ્થળ ની તપાસ કરી તેમની લાઈન સમારકામ તથા વીજ બીલ ચાલુ કરવા બાબત ની ફરીયાદ નું નિરાકરણ કરી આપેલ છે.આથી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તા.૦૩.૦૯.૨૦૨૦ના રોજ સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની માંગરોળ કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ માંગરોળ કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૦૩.૦૯.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |